**તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૧ | ૩૧ જુલાઈ, ૨૦૧૬, રવિવાર ; અષાઢ વદ - ૧૨/૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## મોદી-ઓબામા ચીનમાં ફરી મળે એવી શક્યતા

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા ચીનના બેઈઝિંગમાં જી-૨૦ બેઠકમાં ફરી એકવાર વાતચીત કરનાર છે. ચાર અને પાંચ સપ્ટેમ્બરના દિવસે યોજાનાર વાતચીતમાં બન્ને દેશોના નેતાઓ જુદા જુદા વિષય પર વાતચીત કરશે. આ વાતચીતમાં ત્રાસવાદ અને એનએસજીના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. સાઉથ બ્લોકના સુત્રોએ કહ્યુ છે કે આ વાતચીત દરમિયાન આર્થિક અને સુરક્ષા પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. તાજેતરમાં જ દુનિયાના કેટલાક દેશોમાં ભીષણ ત્રાસવાદી હુમલા કરવામાં આવી ચુક્યા છે. એનએસજીમાં ભારતના સભ્યપદના મુદ્દે પણ વાતચીત થઈ શકે છે.

# કુપવારામાં ત્રાસવાદીઓ સાથે અથડામણ

### ત્રાસવાદીઓ સાથે ભીષણ અથડામણમાં બે ત્રાસવાદીઓ ઠાર : બે જવાન પણ શહીદ થયા : તાજેતરના સમયમાં ઘુસણખોરીના પ્રયાસમાં ચિંતાજનક વધારો થયો : આ વર્ષે ૧૦૦થી વધુ ત્રાસવાદીઓની ઘુસણખોરી : મોતનો મસાલો કબજે કરાયો



શ્રીનગર, તા.૩૦

સેનાએ કાશ્મીરમાં કુપવાડા જિલ્લાના નવગામ સેકટરમાં અંકુશરેખા નજીક ઘુસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. બે ત્રાસવાદીઓને ઠાર મારી દેવામાં આવ્યા છે. જોકે આ ઓપરેશનમાં બે જવાન પણ શહીદ થયા છે. ત્રાસવાદીઓએ ભારતીય સરહદની અંદર ઘુસી જવાનો પ્રયાસ કર્યો હતો અને આ દરમ્યાન સામ સામે ગોળીબારની જોરદાર રમઝટ જામી હતી. સુરક્ષા અધિકારીઓએ કહ્યું છે કે અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. બીજી બાજુ ઠાર થયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રમાં હથિયારો પણ મળી આવ્યા હતા. તાજેતરના સમયમાં ઘુસણખોરીના પ્રયાસોમાં એકાએક વધારો થયો છે. એલઓસીની

નજીક ત્રાસવાદીઓની ગતિવિધિને નિહાળ્યા બાદ તેમને શરણાગતિ સ્વીકારી લેવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ ત્રાસવાદીઓએ જવાનો પર ગોળીબાર કર્યો હતો. અન્ય એક

● અનુસંધાન પાન-૭ પર

## પઠાણકોટ એરબેઝ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા : અમેરિકા




નવી દિલ્હી, તા. ૩૦

પઠાણકોટ એરફોર્સ બેઝ પર કરવામાં આવેલા હુમલાના સંબંધમાં ભારતને પાકિસ્તાનની સામે ખાસ પુરાવા હાથ લાગ્યા છે. જેના કારણે પાકિસ્તાનની કરતુતનો ફરીએકવાર પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ વખતે અમેરિકાએ સોંપેલા ડોઝિયરથી પાકિસ્તાન ખુલ્લુ પડી ગયુ છે. અમેરિકાએ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)ને સોંપેલા ૧૦૦૦ પાનાના ડોઝિયરમાં કેટલીક બાબતોનો ખુલાસો કરવામાં આવ્યો છે. જેમાં જેશે મોહમ્મદના લીડર કાસીમ જાન અને ચાર આત્મઘાતી

● અનુસંધાન પાન-૭ પર

**અમેરિકાએ એનઆઈએને ૧૦૦૦ પાનામાં ડોઝીયર સોંપ્યો : જૈશે મોહંમદના કુખ્યાત ત્રાસવાદી કાસીમજાન-ચાર આત્મઘાતી હુમલાખોરો વચ્ચે થયેલી વાતચીતનો પણ ડોઝીયરમાં સ્પષ્ટ ઉલ્લેખ**

# પૂર્વના રાજ્યોમાં પુરથી જનજીવન અસ્તવ્યસ્ત

### પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ સુધી ભારે વરસાદથી હાલત કફોડી : બિહાર, ઉત્તરપ્રદેશ, આસામમાં પુરની સ્થિતિ

નવી દિલ્હી, તા.૩૦

દેશના પૂર્વથી લઈને પશ્ચિમ અને ઉત્તરથી લઈને દક્ષિણ સુધી ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. આસામ અને બિહારમાં તો પુરની સ્થિતિ બેકાબુ બનેલી છે. કર્ણાટકમાં પણ ભારે વરસાદના કારણે માર્ગો જળબંબાકાર થઈ ગયા છે. આસામના ૨૧ જિલ્લાઓમાં પુરના કારણે ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૯ લાખથી વધુ લોકોને અસર થઈ છે. બિહારમાં હજુ સુધી ૨૨ લોકોના મોત થઈ ચુક્યા છે. ભારે વરસાદ અને પુરના કારણે આઈટી શહેર બેંગલોરમાં પણ ગતિ રોકાઈ ગઈ છે. કેન્દ્ર સરકારની તકલીફ પણ વધી ગઈ છે. આસામમાં લખીમપુર, ગોલાઘાટ, જોરહાટ, ધેમાજી, બારપેટા, ગોલપાડા, સોનેતપુરમાં

ભારે વરસાદના લીધે હાલત કફોડી બની ગઈ છે. શિવસાગર, કોકરાઝાર, ડિબરૂગઢ, તિનસુકીયા,

● અનુસંધાન પાન-૭ પર





દશામા પર્વ - ગણતરીના કલાકોમાં દશામાની આરાધનાનું પર્વ આરંભાશે... દશામાની મૂર્તિઓને આખરી ઓપ આપવાનું કામ રાત-દિવસ ચાલી રહ્યું છે... શહેરી વિસ્તારોમાં દશામાની મૂર્તિઓ ઠેર ઠેર જોવા મળે છે... દશામાની મૂર્તિઓને આખરી સાજ-શણગારથી સજાવવાની કામગીરી અવિરત ચાલે છે...

# રાજ્યમાં નાના વાહનો માટે ટોલ ટેક્સ માફ

### ૧૫મી ઓગસ્ટથી રાજ્યવ્યાપી અમલી કરાશે : આનંદીબેનના નિર્ણયથી રાજ્યના નાના વાહન ચાલકોને મોટી આર્થિક રાહત : ટેક્સી અંગેનો નિર્ણય ટૂંકમાં લેવાશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય કરતા રાજ્યમાં હાઈવે મુખ્ય ધોરી માર્ગો ઉપર લેવાતા વાહન ટોલટેક્ષમાંથી મોટરકાર જેવા નાના વાહનોને સંપૂર્ણ મુક્તિ આપવાની જાહેરાત કરી છે. આગામી સ્વાતંત્ર્યદિન ૧૫મી ઓગસ્ટ-૨૦૧૬થી રાજ્યવ્યાપી અમલ કરાવાશે, તેમ તેમણે જણાવ્યું છે. મુખ્યમંત્રીએ રાજ્યના નાના વાહનચાલકોને ટોલટેક્ષ ભરવામાંથી આર્થિક રાહત આપતા આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આનંદીબેને જણાવ્યું હતું કે ગુજરાતમાં ૧૫મી ઓગસ્ટથી નાના વાહનો એટલે કે ફોર વ્હીલર અને થ્રી વ્હીલરને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવશે. ટોલ ટેક્સમાંથી



મુક્તિ મળતા નાના વાહનોના ટેક્સની જે ખોટ પડશે તે રાજ્ય સરકાર ભોગવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. જોકે કોમર્શિયલ વાહનો ઉપરનો ટેક્સ યથાવત રહેશે. ટેક્સીનો નિર્ણય હવે પછી લેવામાં આવશે. આ જાહેરાતથી સામાન્ય લોકોને ઘણો લાભ મળશે. ગુજરાતમાં ટોલ ટેક્સને લઈને હંમેશા વિવાદ રહ્યો છે. અનેક વખત ટોલટેક્સ પર મારા મારીના બનાવો પણ બન્યા છે. રાજકોટથી અમદાવાદ જતા રસ્તામાં બે ટોલકાના આવે છે. આવી જ રીતે રાજકોટથી પોરબંદર જતા ત્રણ ટોલનાકા આવે છે. આવવા જવાના ભાડા જેટલો જ ટોલટેક્સ લોકોએ ભરવો પડતો હોય છે. આનંદીબેનની જાહેરાતથી ફોર વ્હીલર ધારકોને મોટી રાહત મળી છે. જોકે ટેક્સી અને એસટીના ટોલ ટેક્સ અંગે આગામી દિવસોમાં નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે આ નિર્ણયને રાજકીય રીતે પણ કેટલાક લોકો જોઈ રહ્યા છે. ટોલ ટેક્સના નામે રાજ્યભરમાં બેફામ લૂંટ થઈ રહી હોવાના આક્ષેપ હાલમાં જ એએપી દ્વારા કરવામાં આવ્યો હતો. લોકો પાસેથી લૂંટને રોકવાના મુદ્દા ઉઠી રહ્યા હતા. આમઆદમી પાર્ટીએ આને ચૂંટણી મુદ્દો બનાવવાની પણ વાત કરી હતી. એએપીના લોકોનું કહેવું છે કે સરકારે તેમની વાત સ્વીકારી લીધી છે. બીજી બાજુ કોંગ્રેસે હજુ સુધી આ સંદર્ભમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી.

## વરસાદ વચ્ચે આનંદીબેન સુરતથી નાનાપોંઢા કારમાં પહોંચ્યા

અમદાવાદ, તા.૩૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજે તેમના વનબંધુઓ માટેના સ્નેહ અને પર્યાવરણ જતન માટે વૃક્ષ મહોત્સવની પ્રતિબદ્ધતાના અનેરા દર્શન કરાવ્યા હતા. વલસાડ જિલ્લાના આદિજાતિ વિસ્તાર નાનપોંઢામાં યોજાયેલ ૬૭માં વન-મહોત્સવ વરસતા વરસાદ વચ્ચે ઉપસ્થિત હજારો વનબંધુ ભાઈ-બહેનોને પ્રેરણા આપવા આનંદીબેન તેમનું વિમાન ભારે વરસાદને કારણે દમણ હવાઈ મથકે લેન્ડ ન થઈ શકતા સુરત એરપોર્ટ પર ત્વરિત લેન્ડ થવાનો નિર્ણય લઈને સુરત પહોંચ્યા હતા અને સુરતથી મોટર માર્ગે વનબંધુઓને વન મહોત્સવમાં પ્રેરણા આપવા નાનાપોઢા પહોંચ્યા હતા.

# રાજ્યના મુખ્ય સચિવ પદે જે. એન. સિંઘ

### ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના એમ. એસ. ડાગુર ચેરમેન નિમાયા

અમદાવાદ, તા.૩૦

રાજયના મુખ્ય સચિવ જીઆર આલોરિયા આજે નિવૃત થયા ગુજરાત સરકારે રાજયના નવા મુખ્ય સચિવ તરીકે જેએન સીંઘની નીમણૂંક કરી છે. ગુજરાત કેડરના ૧૯૮૩ બેચના આઈએએસ અધિકારી જે એન સીંઘ હાલમાં રાજયના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે કામગીરી બજાવતા હતા. મુખ્યસચિવ જીઆર અલારિયા તા. ૩૧મી જુલાઈના રોજ નિવૃત થતા આવતીકાલ તા.



૩૧મીએ રવિવાર હોવાથી તેમણે આજે જ તેમનો ચાર્જ રાજય સરકારને પરત કરી દીધો હતો અને રાજય સરકારે સીનીયર આઈ એ એસ અધિકારી જે એન સીંઘની રાજયના મુખ્ય સચિવપદે નીમણૂંક કરતા સીધે આજે તેમની નવી જવાબદારી સંભાળી લીધી હતી.

રાજયના મુખ્ય સચિવ જીઆર અલોરિયા નિવૃત્ત થતા રાજય સરકારે નવા મુખ્ય સચિવ પદે જે. એન. સિંઘની નિયુક્તિ કરવાનો નિર્ણય લીધો હતો.

**જોઈએ છે**
સેક્ટર-૨/એમાં
બાળકને રાખવા માટે
બહેન જોઈએ છે.
સંપર્ક કરો
ફોન : ૨૩૨૪૮૦૭૯

અમૂલ દૂધ
પીતા હૈ
ઈંડિયા
₹21*/500 mL
અમૂલ
ગાયનું
દૂધ
*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055/56/57.
(Currently available in Ahmedabad, Saurastra and Kutch region only.)

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI,
SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાત
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
CHIPS
Express Pvt Ltd
રક્ષાબંધન નિમીત્તે સ્પે. ઓફર
પ્રિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105, 9898036257
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

મોકાનો પ્લોટ વેચવાનો છે
સરગાસણ ચોકડી પાસે
અશ્વમેઘ ભાગ-૨
પ્લૉટ નં. ૧૬ (૩૧૩ વાર) વેચાણથી આપવાનો છે
સંપર્ક
અતુલભાઈ - ૯૪૨૮૫ ૫૧૨૫૪
રવિભાઈ - ૯૩૭૭૨ ૯૮૧૯૮